ज्ञानोन्मेष
e-ISSN : XXXX XXXX
Volume-2, Issue-1 : January-March, 2021

# 'પંચતંત્ર' અને 'હિતોપદેશ'ની કથાઓનાં પાત્રોને જીવંત કરનારાં રમકડાં

ડૉ. ભાવેશકુમાર મહેતા

**Received : 11-03-2021** **Published Online : March-2021** **Accepted : 21-03-2021**

પ્રસ્તાવના

કોઈ ઘર એવું નહીં હોય કે જ્યાં બાળક હોય પણ રમકડાં ન હોય. કોઈ પણ બાળક એવું નહીં હોય કે જેને રમકડાં વહાલાં ન હોય. જ્યારે બાળક બેથી ત્રણ માસનું થાય ત્યારથી જ તે રમકડાંની સંગતમાં આવી જાય છે. રમકડાં બાળકોના જીવનનું અભિન્ન અંગ છે. રમકડાં બાળકોના સાથીદાર છે. જેના દ્વારા બાળકો ઘણું શીખે છે. બાળક જ્યારે રમકડાંથી રમતું હોય ત્યારે આપણે તેને વધુ મહત્ત્વ આપતાં નથી, આપણે બાળકનું રમકડાંથી રમવું એ સહજ બાબત ગણીએ છીએ. પરંતુ, બાળકના જીવનઘડતરમાં રમકડાનું ખૂબ જ મહત્ત્વ રહેલું છે. રમકડાં રમતાં - રમતાં બાળક વાતચીત કરતાં શીખે છે, તેનામાં સહકાર, સમાનતા, સંપની ભાવના કેળવાય છે. બાળકમાં સર્જનાત્મકતા તથા કુતૂહલવૃત્તિનો વિકાસ રમકડાં દ્વારા જ થાય છે. રમકડાં દ્વારા બાળકની કલ્પનાઓને ઉત્તેજન મળે છે. પોતે અનુભવેલાં ઘટના - પ્રસંગો રમકડાં સાથે ભજવે છે તથા અનુભવે છે. બાળક કેવાં પ્રકારનાં રમકડાંથી રમે છે તેના દ્વારા તેની માનસિકતાનો ખ્યાલ આવે છે. બાળક જ્યારે રમતું હોય ત્યારે તેનું અવલોકન કરતાં તેના ભવિષ્યનો પણ ખ્યાલ સ્પષ્ટ થાય છે. બાળકને બાળક જ રહેવા દઈ તેને ગમતી વસ્તુઓના માધ્યમથી જ બોધપાઠ આપવામાં આવે તો સોનામાં સુગંધ ભળવાનું કાર્ય થાય છે.

પંચતંત્ર હિતોપદેશની કથાઓ/પાત્રોને જીવંત કરનારાં રમકડાં.

રમકડાંની સાથે સાથે બાળકોને વાર્તાઓ પણ ખૂબ ગમે છે અને વાર્તા દ્વારા તેમાં સંસ્કારો અને મૂલ્યોનું સિંચન કરી શકાય છે. બાળકોને સીધાં જ વાંચતાં-લખતાં શીખવવું અથવા બોધપાઠ આપવો તેને બદલે રમકડાં તથા વાર્તાઓ દ્વારા શીખવા તરફ અભિમુખ કરવાં એ શિક્ષણની મનોવૈજ્ઞાનિક પદ્ધતિ છે. બાળકોના વકીલ તરીકે ઓળખાતા શ્રી ગિજુભાઈએ તેમજ વિષ્ણુ શર્માએ બાળઘડતરમાં વાર્તાને ખૂબ જ મહત્ત્વ આપ્યું છે. આ વાર્તાઓ દ્વારા તેનાં પાત્રોની, મૂલ્યોની બાળક કલ્પના કરીને તેની સાથે તાદાત્મ્ય અનુભવે છે.

જો આ વાર્તાઓનાં પાત્રો રમકડાંના માધ્યમથી જ બાળકની સામે આવે તો બાળક તેને ખૂબ જ રસપ્રદ રીતે શીખી શકે છે અને યાદ રાખી શકે છે. તેના દ્વારા વાર્તામાં રહેલાં મૂલ્યો તથા સંસ્કારોને સરળતાથી સમજી શકે છે તથા પોતાના જીવનમાં ઉતારી શકે છે. પંચતંત્ર, હિતોપદેશની વાર્તાઓ રમકડાંના માધ્યમથી કહેવામાં આવે તો તે બાળકના મન - મસ્તિષ્કમાં છવાઈ જાય છે અને દૃઢ થઈ જાય છે. કારણ કે એક તો વાર્તા સાંભળવા મળે અને સાથે-સાથે રમકડાંનો ઉપયોગ થતો હોય તો બાળક માટે તો ગોળનું ગાડું મળ્યા જેવું થઈ જાય છે.

આ વાર્તાઓ માટે વિવિધ પ્રકારનાં રમકડાંઓનો ઉપયોગ કરી શકાય છે. જેમ કે કઠપૂતળી, ઢીંગલા-ઢીંગલી, કાગળનાં મોહરાં તેમજ વિવિધ પ્રાણીઓનાં રમકડાંનો ઉપયોગ કરીને વાર્તાને વધુ સહજ રીતે રોચક બનાવી શકાય છે.

વિવિધ રમકડાં દ્વારા વાર્તાનું કથન :

વિવિધ રમકડાં દ્વારા વાર્તાઓને આ મુજબ રોચક બનાવી શકાય છે.

કઠપૂતળીના ઉપયોગ દ્વારા વાર્તાકથન :

પંચતંત્ર કે હિતોપદેશની વાર્તાઓ અને તેના જેવી અન્ય વાર્તાઓ કહેતી વખતે તેમાં આવતાં પાત્રોની

કઠપૂતળી દ્વારા વાર્તાનું નિદર્શન કરી શકાય છે. જેથી બાળકોને કઠપૂતળીની પ્રાચીન કલા પણ માણવા મળે તથા શીખવા મળે છે. આ ઉપરાંત બાળકો વાર્તાને ખૂબ જ રસપ્રદ રીતે માણી શકે છે. એક વાર બનાવેલી કઠપૂતળી બીજી વાર પણ ઉપયોગમાં લઈ શકાતી હોવાથી એક ટી.એલ.એમ. નું કાર્ય કરે છે.

ઢીંગલા-ઢીંગલીનાં રમકડાં :

વાર્તાઓનાં પાત્રો મુજબ ઢીંગલા કે ઢીંગલીનો ઉપયોગ કરીને વાર્તાનું કથન કરી શકાય છે. આ ઢીંગલા-ઢીંગલી માટીનાં, પ્લાસ્ટિકનાં કે કપડાંનાં બનાવી શકાય છે. બાળકોને ઢીંગલા-ઢીંગલી ખૂબ જ પ્રિય હોય છે તેથી આ પ્રકારના વાર્તાકથનમાં બાળક ઓતપ્રોત થઈ જાય છે અને વાર્તાને સહજતાથી સમજી શકે છે.

કાગળનાં મહોરાં :

વાર્તાને વધુ જીવંત બનાવવા માટે કાગળનાં મોહરાં બનાવી શકાય છે. વાર્તાનાં પાત્રો મુજબ મહોરાં બાળકોને જ પહેરાવીને તેમણે સાંભળેલી વાર્તાને ભજવવાનું કહી શકાય. આ રીતે બાળકની વાર્તામાં સામેલગીરી થવાથી બાળક વાર્તા સાથે વધુ ઓતપ્રોત થઈ જાય છે અને સહજતાથી યાદ રાખી શકે છે. મહોરાં બનાવવાં માટે કાગળ, જાડાં પૂંઠાં, કાર્ડશીટ વગેરેનો ઉપયોગ કરી શકાય છે. એક વખત બનાવેલાં મહોરાંનો બીજી ઘણી જગ્યાએ ઉપયોગ પણ કરી શકાય છે.

પપેટ્સનો ઉપયોગ કરીને વાર્તાકથન :

પપેટ્સનો ઉપયોગ હાલના સમયમાં નવી પહેલ છે અને વર્તમાન સમયમાં ધોરણ ૩થી ૫માં પણ પાઠ્યપુસ્તકની શૈક્ષણિક પ્રવૃત્તિઓમાં પપેટ બનાવવાની પ્રવૃત્તિઓ સામેલ છે. પંચતંત્ર, હિતોપદેશની વાર્તાઓ કે એવી અન્ય વાર્તાઓનાં પાત્રો મુજબ પપેટ બનાવી શકાય છે. આ પપેટ જૂનાં મોજાં, કપડામાંથી બાળકો જાતે બનાવી શકે છે. આ પ્રવૃત્તિ દ્વારા બાળકોમાં સર્જનાત્મકતાનો વિકાસ પણ થાય છે અને વાર્તાનાં પાત્રો પોતે તૈયાર કરી શકવાથી તેમને પ્રોત્સાહન પણ મળે છે.

વિવિધ પ્રાણીઓનાં રમકડાં :

પંચતંત્ર, હિતોપદેશની વાર્તાઓમાં ઘણાખરાં પ્રાણીઓ જ પાત્ર તરીકે છે. ત્યારે આવી વાર્તાઓના કથનમાં વિવિધ પ્રાણીઓનાં રમકડાંનો ઉપયોગ કરી શકાય છે. આ પ્રાણીઓ તરીકે પ્લાસ્ટિકનાં, લાકડાનાં ઉપરાંત માટીનાં બનાવેલા પ્રાણીઓનો ઉપયોગ થઈ શકે છે. આ રીતે વાર્તાકથન વખતે પ્રાણીઓનાં રમકડાંના ઉપયોગથી વાર્તાકથન વધુ રસપ્રદ બને છે. સાથેસાથે આજે એવી પરિસ્થિતિ છે કે ઘણાખરાં બાળકો પ્રાણીઓને ઓળખતાં નથી. તો આ રીતે પ્રાણીઓના વાર્તાકથનથી બાળકો વિવિધ પ્રાણીઓથી માહિતગાર થશે અને તેમની વિશિષ્ટતા જાણી શકશે, તેમજ વાર્તામાં રહેલાં મૂલ્યોને આત્મસાત્ કરી શકે છે. આમ રમકડાં સાથેનું વાર્તાકથન બાળકો માટે રોચક બની રહે છે.

ઉપસંહાર :

બાળકોને સીધે સીધી સલાહ કે સીધો ઉપદેશ આપવો તેના માટે મગજ પર હથોડા મારવા જેવું થાય છે. પરંતુ આ જ માર્ગદર્શન, મૂલ્યોનું આરોપણ, જીવનઘડતરના પાઠ વાર્તાના માધ્યમ દ્વારા આપવામાં આવે તો તેમના માટે સમજવું ખૂબ જ સરળ અને સહજ બની જાય છે. તેમાં પણ બાળકને ગમતાં રમકડાંનો જ ઉપયોગ થાય તો તેમના બાળપણને યોગ્ય પોષણ મળે છે. બાળકને ઉંમર કરતાં મોટા બનાવી દેવાના બદલે બાળકને બાળક જ રહેવા દઈને બોધપાઠ આપવાનો આ ખૂબ જ સહજ, સરળ અને રોચક રસ્તો છે. આ રીતે વાર્તા અને રમકડાંનો ઉપયોગ કરી વિવિધ વિષયોનું શિક્ષણ પણ આપી શકાય તો બાળક માટે શિક્ષણ બોજ બનવાને બદલે મોજ બની જાય છે.

------